# મોન્ટુની મજા



એક સુંદર મજાનો બગીચો હતો.

બગીચામાં નાના-મોટા ફૂલછોડ હતા. ફળોનાં ઝાડ પણ હતાં. સુંદર રંગબેરંગી ફૂલો અને સ્વાદિષ્ટ ફળોથી આખો બગીચો શોભતો. બગીચાની પાસે જ માળીનું મકાન. આ માળીને એક નાનનકડો છોકરો. નામ એનું મોન્ટુ. મોન્ટુ તો બસ મન ભરીને રમે, ભમે અને ગીતો ગાય. મોન્ટુનું કામ તો બસ મજા કરવાનું !

એક વખત મોન્ટુને ભાઈબંધ સાથે રમીને ભૂખ લાગી. પેટમાં ઉંદર કૂદવા માંડયા! મોન્ટુને થયું કે કંઈક ખાવું પડશે. મોન્ટુ દોડતો ગયો બગીચામાં. આમ તેમ જોયું. સામે જ આંબાનું મોટું ઝાડ. આંબા ઉપર છેક ઉપરની ડાળે જોયું તો મોન્ટુના મોઢામાં પાણી પાણી !

પાંદડાં વચ્ચે એક પાકી કેરી મોન્ટુ સામે હસે ! મોન્ટુને થયું આજે તો મજા પડી જશે કેરી ખાવાની. પણ, કેરી આંબવી કેમ? મોન્ટુ તો મૂંઝાયો. ભૂખ કહે મારું કામ !

મોન્ટુને એક વિચાર આવ્યો. તેણે કેરી સામે જોઈને કહ્યું :

કેરી ઓ કેરી
ખાઉં તને ચીરી

મોન્ટુની વાત સાંભળીને કેરી તો મલકી ! કહે: ‘હા, ભાઈ ખાને.... પણ આ આજુબાજુનાં પાદડાં મને નીચે પાડે તો તું ખાને !

મોન્ટુએ પાંદડાં સામે જોયું. હસીને કહ્યું :

પાંદ ઓ પાંદ
કેરી ને પાડ

પાંદડાં તો હસ્યા. મોન્ટુને કહ્યું : ‘અરે ! મોન્ટુભાઈ કેરીને પાડવા અમારે ડાળને પૂછવું પડે. ડાળ અમને વાળે તો તો અમે કેરી પાડીએ !’

મોન્ટુએ ડાળી સામે જોઈને કહ્યું :

ડાળ ઓ ડાળ
પાંદને વાળ

ડાળ થોડું ઝૂકીને હસી ! મોન્ટુને કહે : 'મોન્ટુભાઈ, પાંદને તો હું વાળું... પણ મારે તો થડને પૂછવું પડે. થડ મને હલાવે.... હું પાંદને વાળું અને પાંદ કેરીને પાડે !'

મોન્ટુને કકડીને ભૂખ લાગી હતી. થડ પાસે જઈને કહ્યું :

થડ ઓ થડ
ડાળને હલાવ

થડ મલકતું બોલ્યું : 'પણ, મોન્ટુભાઈ આ ડાળને હલાવવા મારે મૂળને કહેવું પડે... મૂળ મને વાળે તો ડાળને હું હલાવું !'

મોન્ટુભાઈએ નીચે મૂળ સામે જોયું. મૂળને કહ્યું :

મૂળ ઓ મૂળ
થડને વાળ

મૂળે મોન્ટુની વાત સાંભળી કહ્યું : 'અરે મોન્ટુભાઈ, એવી બધી ભૂખ લાગી છે ? એમાં શું? હમણાં થડને વાળું...' મૂળે તો થડને થોડુંક વાળ્યું ! થડે વળીને ડાળીને હલાવી ! ડાળે પણ કહ્યા પ્રમાણે પાંદને વાળ્યાં ! પાંદડાંએ વળીને પાકી કેરીને નીચે પાડી !

કેરી તો મલકતી આવી નીચે ધબ્બ.. દઈને !

મોન્ટુભાઈ તો ખુશ-ખુશ થઈ ગયા. પાકી કેરી ખાવાની મજા પડી ગઈ ! મોન્ટુએ મૂળ, થડ, ડાળ, પાંદડાં અને કેરીનો આભાર માન્યો.

મોન્ટુની ભૂખ થઈ ગઈ ગાયબ ! મોન્ટુ હવે હાથમાં થોડો રહે !

મોન્ટુ દો...ડતો ગયો... ભાઈબંધ પાસે. વાતો કરવા... ગપ્પાં મારવા... રમવા અને ભમવા.

લેખક : રાજેશ મહેતા